(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૨×૫)**

૧. વિરાધનાથી કેવી રીતે બચવાનું છે? વિરાધનાના પ્રકાર કેટલા છે?

**જ. દરેક કામ જીવહિંસા ન થાય કે ઓછી થાય એવા વિચારથી જતનાપૂર્વક કરવાથી જીવોની વિરાધનાથી બચી શકાય છે છતાં પણ વિરાધના થઈ જાય તો પાપથી બચવા માટે ઈરિયાવહિયા કરવામાં આવે છે. વિરાધનાના દશ પ્રકાર છે.**

૨. પ્રતિક્રમણનો સાર પાઠ કયો છે? શા માટે?

**જ. પ્રતિક્રમણનો સાર પાઠ ઈચ્છામિ ઠામિનો પાઠ છે કારણ કે તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની પ્રાપ્તિ માટે ૪ કષાયોનો ત્યાગ તથા ૫ અણુવ્રત, ૩ ગુણવ્રત, ૪ શિક્ષાવ્રતરૂપી શ્રાવકધર્મમાં લાગેલ અતિચારોનું મિચ્છામિ દુક્કડં દેવામાં આવે છે.**

૩. મનથી કેટલા પાપ લાગે છે? તેના ભંગ કેટલા? કેવી રીતે?

**જ. મનથી સાત પાપ લાગે છે. ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મિચ્છાદંસણસલ્લં તે સાત કરવું,કરાવવું, અનુમોદવું એ ત્રણથી ગુણતા ૨૧ થાય તેને મન, વચન અને કાયાથી ગુણતા ૨૧×૩=૬૩.**

૪. કરણસિત્તેરી એટલે શું? કરણસિત્તેરીમાં કોનો સમાવેશ થાય છે?

**જ. કરણસિત્તેરી એટલે સંયમ જીવનના ઉત્તરગુણ ૭૦ છે. ૪ પિંડવિશુદ્ધિ, ૪ અભિગ્રહ, ૫ સમિતિ–૩ ગુપ્તિનું પાલન, ૧૨ ભાવના, ૧૨ સાધુની પડિમા આદરવી, ૨૫ પ્રતિલેખનામાં ઉપયોગ, ૫ ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો.**

૫. પ્રમાદ અને આળસમાં શું ફરક છે?

**જ. પ્રમાદ એટલે મૂર્છા, મોહનો ભાવ. આત્માના લક્ષ સિવાયની દરેક પ્રવૃત્તિ પ્રમાદ કહેવાય છે. પરમાં આનંદ માનવો તે પ્રમાદ છે. જે સમયે જે કાર્ય કરવાનું હોય તેમાં શક્તિ/સામર્થ્ય હોવા છતાં વિલંબ કરવો કે વીર્ય ફોરવવું નહિ તે આળસ છે.**

**(આ) મોટા માંગલિકના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. પાઠ પૂર્તિ કરો. માટે **પરમ જ્ઞાન, પરમ દર્શન, પરમ ચારિત્ર, પરમ સુખ, પરમ શાંતિ, પરમ આનંદને** પ્રાપ્ત કરવાને માટે. **(૩)**

૨. સંસારમાં શરણા કેટલા છે? કર્મનો અંત કરી ક્યાં જવાનું છે? **(૧×૨)**

**જ. સંસારમાં શરણા ચાર છે. કર્મનો અંત કરી મોક્ષમાં જવાનું છે.**

૩. ભાવે ...... આરાધીએ, ભાવે ...... .

**જ. ધર્મ, કેવળજ્ઞાન.**

(૭૦)

**પ્ર.૨ (અ) પ્રાસ્તાવિક ગાથાઓ તથા ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.** **(૪૦)**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૮)**

૧. તેણે **જહા સંધિમુહે ગહિએ, સકમ્મુણા કિચ્ચઈ પાવકારી ।**
**એવં પયા પેચ્ચ ઈહં ચ લોએ, કડાણ કમ્માણ ણ મોક્ખ અત્થિ ॥**

**અર્થ : જે પ્રકારે સંધિમુખ, ખાતરના મુખને વિશે પકડાયેલો ચોર પોતાના જ પાપકર્મે કરી પીડાય છે. તે જ રીતે આ જીવ, આ લોક તથા પરલોકને વિશે પોતાના કરેલા કર્મથી દુઃખી થાય છે કારણ કે ફળ ભોગવ્યા વિના કરેલા કર્મોથી છૂટકારો થતો નથી.**

૨. ખિપ્પં **ન સક્કેઈ વિવેગમેઉં, તમ્હા સમુટ્ઠાય પહાય કામે ।**
**સમિચ્ચ લોગં સમયા મહેસી, આયાણુ રક્ખી ચરે**ડપમત્તો ॥

**અર્થ : શીઘ્રતાથી વિવેક પ્રાપ્ત થવો શક્ય નથી, માટે દુર્ગતિથી પોતાના આત્માની રક્ષા કરવાવાળા મોક્ષાર્થી મુનિ કામભોગને ત્યાગી, લોકના સ્વરૂપને સમભાવપૂર્વક જાણી, અપ્રમાદી થઈને સાવધાનીપૂર્વક**

विચરે.

૩. ચૌદ પૂરવધાર કહીયે, જ્ઞાન ચાર વખાણીએ ।
જિન નહીં પણ જિન સરીખા, સુધર્માસ્વામી જાણીએ ॥
અર્થ : પંચમ ગણધર સુધર્માસ્વામી ચાર જ્ઞાન સહિત તથા ચૌદ પૂર્વધર હતા. તેઓ જિનેશ્વર ભગવાન ન હતા છતાં પણ જિન સમાન હતા.

૪. એવં ખુ નાણિણો સારં, જં ન હિંસઈ કિંચણં ।
અહિંસા સમયં ચેવ, એયાવત્તં વિયાણિયા ॥
અર્થ : જ્ઞાનીના જ્ઞાનનો ખરેખર એ જ સાર છે કે કોઇપણ જીવની હિંસા કરે નહિ અને સમ્યક્ પ્રકારે વિચારે કે અહિંસાથી જ સમતાની પ્રાપ્તિ થાય છે એવું જાણીને જ્ઞાની કોઇને પીડા ઉપજાવે નહિ.

૫. મંદા ય ફાસા બહુલોહણિજ્જા, તહપ્પગારેસુ મણં ણ કુજ્જા ।
રક્ખેજ્જ કોહં વિણએજ્જ માણં, માયં ન સેવેજ્જ પહેજ્જ લોહં ॥
અર્થ : વિવેક બુદ્ધિને મંદ કરનારા મનને ઘણા લોભામણા, આકર્ષક સ્પર્શ આદિ વિષયોને મનથી પણ ન ઈચ્છે. ક્રોધને શાંત કરે, માનને વિનયથી દૂર કરે, માયાનું સેવન ન કરે તથા લોભને પણ ત્યાગે.

૬. એસ ધમ્મે ધુવે નિચ્ચે, સાસએ જિણદેસિએ ।
અસિદ્ધા સિજ્ઝંતિ ચાણેણં, સિજ્ઝિસ્સંતિ તહાવરે ॥
અર્થ : આ બ્રહ્મચર્યરૂપ શીલધર્મ ધ્રુવ, નિત્ય, શાશ્વત છે. જિનેશ્વર ભગવંત દ્વારા ઉપદેશાયેલ છે. જેનું પાલન કરવાથી અનેક જીવોએ ભૂતકાળમાં સિદ્ધિને મેળવી છે, વર્તમાને પણ અનેક જીવો સિદ્ધિ પામે છે તથા ભવિષ્યમાં અનેક જીવો સિદ્ધિ પ્રાપ્ત કરશે.

**(૨) માત્ર ગાથા લખો. (ભાવાર્થ નહિ) (૧૦)**

૧. એકત્વ ભાવનાની ગાથા લખો.
જ. એગોऽહં નત્થિ મે કોઈ, નાહમન્નસ્સ કસ્સઈ ।
એવં અદીણ મણસા, અપ્પાણ મણુસાસઈ ॥
એગો મે સાસઓ અપ્પા, નાણદંસણ સંજુઓ ।
સેસા મે બહિરા ભાવા, સવ્વ સંજોગ લક્ખણા ॥

૨. ઔદારિક શરીરનો ત્યાગ કરે.
જ. ચરે પયાઈ પરિસંકમાણો, જં કિંચી પાસં ઈહ મણ્ણમાણો ।
લાભાંતરે જીવિય બુહઈત્તા, પચ્છા પરિણ્ણાય મલાવધંસી ॥

૩. તેઓ અધર્મના હેતુ છે.
જ. જેऽસંખયા તુચ્છ પરપ્પવાઈ, તે પિજ્જ દોસાણુ ગયા પરજ્ઝા ।
એએ અહમ્મેત્તિ દુગુંછમાણો, કંખે ગુણે જાવ સરીર ભેએ ॥

૪. ૬૪ ઈન્દ્રો હંમેશા વિચરે છે.
જ. રૂપ અનુપમ નહિ કોઇ તોલે, વાણી સુણંતા શીવસુખ હોય ।
દેહ સુગંધી રહે પુષ્ફવાસા, ચોસઠ ઈન્દ્ર કરે અરદાસા ॥

**(૨) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. સમુટ્ઠાય | સાવધાનીથી | ૨. ઈહ | અહીં | ૩. ઈંતિ | પ્રાપ્ત થાય છે |
| ૪. શિઢિલે | શિથિલ થતા | ૫. વુડ્ઢિં | વૃદ્ધિને | ૬. અજયા | અસંયમી |

**(૩) નીચેના શબ્દોનું માગધી લખો. (૪)**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧. પ્રતિકૂળ | અસમંજસં | ૨. ક્ષણ માત્ર | ખણ લવ | ૩. જેમ | વ | ૪. દૂર કરનારી | નિટ્ઠવણી |

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. બ્રહ્મચર્ય કયો માર્ગ રોકનાર છે?

**જ. બ્રહ્મચર્ય નરક અને તિર્યંચરૂપ દુર્ગતિથી રોકનાર માર્ગ છે.**

૨. જીવન અસંસ્કૃત શા માટે છે?

**જ. એકવાર તૂટ્યા પછી સાંધી શકાતું નથી માટે આ જીવન અસંસ્કૃત છે.**

૩. શાશ્વતવાદી શું માને છે?

**જ. શાશ્વતવાદી કંઈ જ નાશ નથી પામતું એમ માને છે.**

૪. ધન કોને માટે શરણરૂપ નથી?

**જ. પ્રમાદી–અધર્મી જીવો માટે ધન શરણરૂપ નથી.**

૫. કયા માર્ગે ચાલીને સળગતા સંસારમાંથી આત્માને તારવાનો છે?

**જ. આપની અનુજ્ઞા લઈને વીતરાગ માર્ગે ચાલીને સળગતા સંસારમાંથી આત્માને તારવાનો છે.**

**(આ) છ લેશ્યાના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) મને ઓળખો હું કોણ? (૩)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. માયાવી | **નીલ લેશ્યાનું લક્ષણ** | ૨. ઉપશાંત હોય | **શુક્લ લેશ્યાનું લક્ષણ** |
| ૩. પાકા આંબા | **તેજો લેશ્યાનો રસ** | ૪. કોયલની પાંખ | **કાપોત લેશ્યાનો વર્ણ** |
| ૫. ગાયની જીભ | **અપ્રશસ્ત લેશ્યાના સ્પર્શ** | ૬. કપુર, કેવડો | **પ્રશસ્ત લેશ્યાની ગંધ** |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. પદ્મ લેશ્યાના લક્ષણ લખો.

**જ. પદ્મ લેશ્યાના લક્ષણ – ૧) અલ્પ ક્રોધ ૨) અલ્પ માન ૩) અલ્પ માયા ૪) અલ્પ લોભ ૫) પ્રશાંત ચિત્ત ૬) આત્માનો દમણહાર ૭) યોગ ઉપધાન સહિત થાય ૮) થોડા બોલો ૯) જિતેન્દ્રિય.**

૨. લેશ્યા પરભવને વિશે કેમ ચવે છે?

**જ. જ્યારે જીવનું અંતિમ અંતર્મુહૂર્ત પ્રમાણ આયુષ્ય બાકી રહે ત્યારે આવતા ભવમાં પ્રાપ્ત થવાવાળી લેશ્યાના પરિણામ તે જીવમાં અવશ્ય આવી જાય છે. પછી તે જ લેશ્યાની સાથે જીવ પરભવમાં ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થવાના પ્રથમ અંત. સુધી તે જ લેશ્યાના પરિણામ રહે છે.**

૩. લેશ્યાના ભેદ કેટલા? કયા કયા?

**જ. લેશ્યાના બે ભેદ ૧) દ્રવ્ય લેશ્યા : પરિણામના કારણે આત્મા તત્ પ્રકારના પુદ્ગલોને ગ્રહણ કરે છે. રૂપી છે. ૨) ભાવ લેશ્યા : આત્માના શુભાશુભ પરિણામ. અરૂપી છે.**

૪. મઘામાં અને ભવનપતિના ઈન્દ્રમાં લેશ્યા કેટલી? ત્યાં તેની સ્થિતિ કેટલી હોય?

**જ. મઘામાં એક કૃષ્ણ લેશ્યા તેની સ્થિતિ જ. ૧૭ સાગર ઉ. ૨૨ સાગર.**
**ભવનપતિના ઈન્દ્રમાં એક તેજુ લેશ્યા તેની સ્થિતિ એક સાગર ઝાઝેરી.**

**(૩) નીચેના જીવોને કેટલી લેશ્યા હોય? કઈ કઈ? (૪)**

૧. બિલાડીના ટોપમાં – **૩ લેશ્યા તે કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા.**

૨. કિંપુરુષમાં – **૪ લેશ્યા તે કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો લેશ્યા.**

૩. ક્ષયોપશમ સમકિતિ સમડીમાં – **૬ લેશ્યા તે કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો લેશ્યા, પદ્મ લેશ્યા, શુક્લ લેશ્યા.**

૪. અવસર્પિણી કાળના ત્રીજા આરાના મનુષ્યમાં – **૬ લેશ્યા તે કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો લેશ્યા, પદ્મ લેશ્યા, શુક્લ લેશ્યા.**

**(ઈ) અષ્ટ પ્રવચન માતાના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૧)**

૧. માર્ગ, ભાષા સમિતિનો ભાવથી, એષણા સમિતિનો ક્ષેત્રથી, ચોથી સમિતિનો દ્રવ્યથી, પાંચમી સમિતિનો કાળથી, મન, વચન ક્ષેત્રથી, કાય ગુપ્તિનો કાળથી ભેદ લખો. (૪)

**જ. માર્ગ – કુમાર્ગને છોડીને સુમાર્ગે ચાલવું. ભાષા સમિતિનો ભાવથી – રાગ–દ્વેષ યુક્ત ભાષા ન બોલે. એષણા સમિતિનો ક્ષેત્રથી – ૨ ગાઉ ઉપરાંત જઈને આહાર–પાણી ન ભોગવે. ચોથો સમિતિનો દ્રવ્યથી – ઉપકરણો યત્નાથી લે, મૂકે અને વાપરે. પાંચમી સમિતિનો કાળથી – પરઠણ ભૂમિને કાળોકાળ પડિલેહી, પૂંજીને પરઠે. મન–વચન ક્ષેત્રથી – આખા લોકમાં. કાય ગુપ્તિનો કાળ – જાવજ્જીવ સુધી.**

૨. કેટલા પ્રકારની ભાષા બોલવાની નથી? ભાષા સમિતિ અને વચન ગુપ્તિનો ભાવથી ભેદ લખો. (૩)

**જ. આઠ પ્રકારની ભાષા (કર્કશ, કઠોર, છેદકારી, ભેદકારી, માર્મિક, મૃષા, સાવદ્ય, નિશ્ચયકારી) બોલવાની નથી. ભાષા સમિતિનો ભાવથી રાગ–દ્વેષ યુક્ત ભાષા ન બોલે. વચન ગુપ્તિનો ભાવથી સાવદ્ય વચન ન બોલે.**

૩. પડિલેહણ ક્યારે કરવાનું છે? પરઠવાનું કેવી રીતે હોય? પાછા આવીને શું કરવાનું હોય છે? (૨×૨)

**જ. પડિલેહણ પહેલા પ્રહરના પહેલા ચોથા ભાગે અને ચોથા પ્રહરના છેલ્લા ચોથા ભાગે કરવાનું હોય છે. પરઠવાનું ચાર આંગુલ ઉપરથી યત્નાથી છે. પાછા આવીને ઈરિયાવહિયાનો કાઉસ્સગ્ગ કરવાનો હોય છે.**

૪. પાંચમી સમિતિના દ્રવ્યથી પહેલા ચાર બોલ લખો.

**જ. ૧) માણસોની આવ–જા થતી હોય ત્યાં ૨) જીવોની ઘાત થાય ત્યાં ૩) વિષમ ઊંચી–નીચી ભૂમિ પર ૪) પોલી ભૂમિ પર.**

**(૨) મને ઓળખો હું કોનો કયો ભેદ છું? (૪)**

| | જવાબ |
|---|---|
| ૧. પૌષધમાં માથું ઓળે. | **કાય ગુપ્તિનો દ્રવ્યથી** |
| ૨. રસ્તામાં ચાલતા પ્રતિક્રમણ ફેરવે. | **ઈરિયા સમિતિનો યત્નામાં ભાવથી** |
| ૩. સવારના લાવેલા કાજુ ચૌવિહાર કરતી વખતે ખાય. | **એષણા સમિતિ કાળથી** |
| ૪. આસન સોફા પર ફેંકી દે. | **આદાન ભંડમત્ત નિક્ખેવણિયા સમિતિ ક્ષેત્રથી** |

(૧૫)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પરદેશી રાજાએ ચિત્ત સારથીને બોલાવીને શું કીધું? (૩×૫)

**જ. પરદેશી રાજાએ ચિત્ત સારથીને કહ્યું કે, તમે શ્રાવસ્તી નગરીમાં જિતશત્રુ રાજા સાથે રહીને સ્વયં ત્યાંની શાસન વ્યવસ્થા, રાજાની દિનચર્યા, રાજનીતિ અને રાજના વ્યવહાર જુઓ. ચિત્ત સારથીએ શ્રાવસ્તી પહોંચીને રાજા જિતશત્રુને રાજા પરદેશી દ્વારા મોકલાયેલી અનેક ભેંટો આપી.**

૨. ચિત્ત સારથીએ કેશી કુમાર શ્રમણને શું વિનંતી કરી?

**જ. હે ભગવાન ! અમારો રાજા અધાર્મિક છે, તે રાજવ્યવસ્થા બરાબર સંભાળતા નથી તથા લોકોના હિતનું રક્ષણ કે પ્રજાપાલન યોગ્ય રીતે કરતા નથી. મારી આપને વિનંતી છે કે આપ પરદેશી રાજાને ધર્મ ઉપદેશ આપો. આથી સમસ્ત લોકો, પ્રાણીઓ, સાધુઓ વગેરે સર્વ માટે ઘણું જ લાભકારી, હિતકારી અને ગુણકારી થશે.**

૩. નારકી શા માટે મનુષ્યલોકમાં આવતા નથી?

**જ. ૧) તીવ્ર વેદના અનુભવે છે તેમાંથી મુક્તિ ન મળે માટે ૨) પરમાધામીરૂપ નરકપાલકો વડે દંડાય છે, પીડાય છે માટે ૩) અશાતા વેદનીયનો ઉદય હોય છે માટે ૪) નરકના આયુષ્યનો ઉદય છે માટે.**

૪. વ્યવહારકર્તાના પ્રકાર લખો.

**જ. ૧) કોઈ કોઈને દાન આપે છે પણ તેની સાથે સારી ભાષામાં બોલતો નથી ૨) કોઈ સંતોષજનક વાતો કરે છે પણ દાન દેતા નથી ૩) કોઈ આપે પણ છે અને લેવાવાળા સાથે સંતોષજનક વાત પણ કરે છે ૪) કોઈ આપતું પણ નથી અને સંતોષજનક વાત પણ કરતું નથી.**

૫. યુવાન, વૃદ્ધ અને બાળકના ઉદાહરણ આપીને કેશી સ્વામીએ શું સમજાવ્યું?

**જ. યુવાન નિપુણ પુરુષ નવા ધનુષ્ય વડે, નવા બાણથી એકી સાથે પાંચ લક્ષ્ય વીંધી શકે છે પરંતુ તે જ યુવાન**

જીર્ણ ધનુષ્ય, જીર્ણ દોરીથી પાંચ બાણ છોડે તો તે એકી સાથે પાંચ લક્ષ વીંધી શક્તો નથી કારણ તેની દોરી આદિ સાધન જીર્ણ છે. તેવી જ રીતે વૃદ્ધ કે બાળકને શરીર, કળા, કુશળતારૂપ સાધન સારા ન હોવાથી ઇાળક અને યુવાન બંનેના જીવ સરખા હોવા છતાં વીંધી શકે નહિ.

અથવા

પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.

(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૨)

૧. કો વિસ્મયોઽત્ર યદિ નામ ગુણૈરશેષૈ, સ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ !
દોષૈરૂપાત્ત વિવિધાશ્રય જાતગર્વૈઃ, સ્વપ્નાન્તરે પિ ન કદાચિત્ પીક્ષિતોઽસિ ॥
અર્થ : હે મુનિવર ! અન્ય સ્થળોએ અવકાશ ન મળવાથી વિશ્વના સંપૂર્ણ સદ્‌ગુણો તમારો આશ્રય કરીને રહ્યા છે, વિવિધ પ્રકારના આશ્રયો પામવાથી ગર્વિષ્ટ બનેલા દોષો સ્વપ્નમાં પણ આપને જોઇ શક્તા નથી, તેમાં શું આશ્ચર્ય?

૨. બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિત બુદ્ધિ–બોધાત્, ત્વં શંકરોઽસિ ભુવનત્રય શંકરત્વાત્ !
ધાતાસિ ધીર ! શિવમાર્ગ–વિધેર્વિધાનાત્, વ્યક્તં ત્વમેવ ભગવન્ ! પુરુષોત્તમોઽસિ ॥
અર્થ : હે દેવો વડે પૂજાયેલા પ્રભુ ! આપ જ્ઞાનરૂપી બોધથી બુદ્ધ થયા બાદ બુદ્ધિગમ્ય બોધના દેનારા છો ! ત્રણે લોકના જીવોનું કલ્યાણ કરનારા હોવાથી શંકર છો ! મોક્ષમાર્ગની વિધિના વિધાતા હોવાથી બ્રહ્મા છો ! તેમ જ પ્રગટ પુરુષોત્તમ એટલે વિષ્ણુ પણ આપ જ છો.

૩. મન્દાર સુન્દર નમેરુ સુપારિજાત, સંતાનકાદિ કુસુમોત્કર વૃષ્ટિરુદ્ધા ।
ગન્ધોદબિન્દુ શુભમન્દ મરુત્પ્રપાતા, દિવ્યા દિવ : તે વચસાં તતિર્વા ॥
અર્થ : હે ભગવાન ! આપના વચનોની જે પંક્તિ ફેલાય છે તે જાણે કે દેવલોકમાં ઉત્પન્ન થતા મંદાર, સુંદર, નમેરુ, સુપારિજાત, સંતાનક વગેરે નામના વૃક્ષોના સુગંધિત જળબિંદુઓથી યુક્ત ઉર્ધ્વમુખી ફૂલોના સમૂહની સુખદ્ મંદ મંદ પવનની લહેરથી આકાશમાંથી વર્ષા પડતી હોય તેવી લાગે છે.

૪. ઉનિન્દ્ર હેમનવ પંકજ પુંજ કાન્તિ, પર્યુલ્લસન્નખ મયૂખ શિખાભિરામૌ ।
પાદૌ પદાનિ તવ યત્ર જિનેન્દ્ર ! ધત્તઃ, પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયન્તિ ॥
અર્થ : હે જિનેશ્વર ! તમારા પગના નખના અગ્રભાગ તાજા ખીલેલા સુવર્ણ કમળોના સમૂહ જેવી સુંદર કાંતિને ધારણ કરવાવાળા, ચારે બાજુથી ઝળહળતા કિરણોના પ્રકાશથી મનોહર છે, તેવા પગલા જ્યાં જ્યાં આપ મૂકો છો ત્યાં ત્યાં દેવો સુવર્ણના કમળોની રચના કરે છે.

(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૩)

૧. ભગવાનની વાણી શું બતાવવામાં સહાયક છે?

જ. ભગવાનની વાણી દેવલોક અને મોક્ષનો માર્ગ બતાવવામાં સહાયક છે.

૨. ભગવાનનું શરીર કેવું છે?

જ. ભગવાનનું શરીર સુવર્ણ સમાન દેદીપ્યમાન છે.

૩. ભગવાનનું ભામંડલ શું કરે છે?

જ. ભગવાનનું ભામંડલ ત્રણે લોકના તેજસ્વી પદાર્થોના તેજને પરાજિત કરે છે, ઝાંખા પાડી દે છે.

જય – જિનેન્દ્ર